# ૮ વર્ષમાં એવી ભૂલ નથી કરી જેનાથી નાગરિકે મસ્તક નમાવવું પડે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

## "સરકારના પ્રયાસો સાથે જનતાના પ્રયાસો જોડાવાથી સેવા કરવાની શક્તિ વધી જાય છે" : મોદી : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ આટકોટની કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું - લાખોની જનમેદનીને કર્યું સંબોધન

ગાંધીનગર, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે સરકારના પ્રયાસો સાથે જનતાના પ્રયાસો જોડાવાથી સેવા કરવાની શક્તિ વધી જાય છે. કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. વર્તમાન સરકારે ગરીબોની સેવા કરી તેમનું સશક્તિકરણ કરવાની આગવી પરિપાટી પ્રસ્થાપિત કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે ૨૦૦ બેડની સુવિધા ધરાવતી કે.ડી. પરવાડીયા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત લાખો લોકોની જનમેદનીને સંબોધન કર્યું હતું.

વડાપ્રધાને આ તકે કહ્યું કે હોસ્પિટલો ખાલી રહે એવા સ્વાસ્થ્યપ્રદ વાતાવરણનું નિર્માણ કરવાનું સરકારનું લક્ષ્ય છે. ગરીબની સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના કામને પ્રાથમિકતા આ સરકારે આપી છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ આ મંત્ર પર ચાલી દેશના વિકાસને નવી ગતિ આપી છે.

વડાપ્રધાને વધુમાં ઉમેર્યું કે સમગ્ર અમેરિકા તથા યુરોપના દેશોની કુલ વસ્તી કરતા વધુ નાગરીકો આયુષ્યમાન યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મેળવતા થયા છે. ભારતની સુદ્રઢ આરોગ્ય વ્યવસ્થાનો આ બોલતો પુરાવો છે.

કેન્દ્ર સરકારના સુશાસનના ૮ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે વડાપ્રધાને કહ્યું કે ગુજરાતની ધરતીએ લોકકલ્યાણના કામ કરવાની નીતિ-રીતિ શીખવાડી છે. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની પવિત્ર ધરતીના આ સંસ્કાર છે, જેને પરિણામે તમારે કે દેશના કોઈ નાગરિકને નીંચુ જોવુ પડે તેવું એક પણ કામ આ ૮ વર્ષમાં ભૂલથી પણ કર્યુ નથી.

વડાપ્રધાન મોદીએ ઉમેર્યુ હતું કે ૨૦૦૧માં રાજ્યભરમાં મેડિકલની કુલ ૧૧૦૦ સીટ હતી. જે વધીને વર્ષ ૨૦૨૨માં ૮૦૦૦ થઈ છે. રાજ્યભરમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૩૦ મેડિકલ કોલેજો કાર્યરત છે. તથા રાજ્યના પ્રત્યેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવાની રાજ્ય સરકારની નેમ છે, એમ વડાપ્રધાને આ પ્રસંગે સુનિશ્ચિત કર્યુ હતું.

વડાપ્રધાને સગૌરવ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમા તરીકે "સ્ટેચ્યુ ઓફ યુનિટી'' સ્થાન પામ્યું છે. જે સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે. આવડું મોટું કામ આટલી ઝડપથી પૂર્ણ કરીને ગુજરાતે પોતાની તાકાત સ્થાપિત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઔદ્યોગિક પ્રગતીની ઝાંખી કરાવતા જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં વિકસેલા મધ્યમ-સૂક્ષ્મ-લઘુ ઉદ્યોગો જ ગુજરાતની સાચી તાકાત અને આગવી ઓળખ છે. વડોદરાથી વાપી સુધીના અગાઉના ઔદ્યોગિક વિકાસની સાપેક્ષે સમગ્ર રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ વધુ પ્રસર્યો છે. તેમજ આંતરમાળખાકિય સુવિધા થકી ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકાર પણ પૂરતી પ્રયત્નશીલ છે એમ તેમણે ઉમેર્યું હતું. મોરબીનો સેનિટરી ઉદ્યોગ, જામનગરનો બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગ તથા રાજકોટનો ઓઈલ એન્જીન ઉદ્યોગ વિશ્વ સ્તરે નામના મેળવી ચૂક્યા છે.







# કચ્છમાંથી ફરી ચરસના ૧૦ પેકેટ મળી આવ્યા

### સિંધોડી નજીકથી મરીન પોલીસને મળ્યાં પેકેટ : જખૌ મરીન પોલીસ જ્યારે પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે આ પેકેટ મળી આવ્યા હતા



ભુજ, તા.૨૮

કચ્છમાંથી ફરી એક વખત ચરસના પેકેટ મળ્યા છે. આ વખત દરમિયામાંથી ૧૦ પેકેટ મળી આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે અબડાસાના સિંધોડી નજીકથી આ પેકેટ મળી રહ્યા હતા. જખૌ મરીન પોલીસ જ્યારે પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે આ પેકેટ મળી આવ્યા હતા. પોલીસે ચરસના તમામ પેકેટ કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી અવારનવાર ચરસ મળી આવે છે. હજુ પાંચ દિવસ પહેલા જ અહીં લખપત પાસેના ઈબ્રાહિમ પીરના દરિયાઈ વિસ્તારમાંથી ચરસના બે પેકેટ મળી રહ્યા હતા. અહીં બીએસએફના જવાનો ફૂટ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચરસના પેકેટ મળી આવ્યા હતા.

જોકે, કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી ચરસ મળવાનો આ પ્રથમ કિસ્સો નથી. આ પહેલા જખૌ બંદર અને ક્રિક વિસ્તારમાંથી ચરસના પેકેટ મળી આવ્યા છે. એક અંદાજ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ચરસના ૧,૫૦૦થી વધારે પેકેટ મળી આવ્યા છે. તપાસ એજન્સીઓને એવી આશંકા છે કે ચરસ મળવા પાછળ પાકિસ્તાનનો હાથ હોઈ શકે છે.

કેન્દ્રીય તપાસ એજન્સી ડ્ઢઇૈંએ મુંદ્રા પોર્ટ પરથી ૫૦૦ કરોડ રૂપિયાનું ૫૨ કિલોગ્રામ કોકેઈન જપ્ત કર્યું છે. ડીઆરઆઈના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ ઑપરેશનને પાર પાડવા માટે ઑપરેશન નમકીન નામ આપવામાં આવ્યું હતું, જેનાથી કોઈને શંકા ન પડે. ડીઆરઆઈના અધિકારીઓને એવી જાણકારી મળી હતી કે છેલ્લા થોડા સમયથી ડ્રગ્સનો બિઝનેસ કરતા આરોપીઓ તરફથી નમક (મીઠું)ના આડમાં કોકેઈન વગેરેનો બિઝનેસ કરવામાં આવી રહ્યો છે.

ઑપરેશન નમકીન સફળ રીતે પાર પડ્યા બાદ રેવેન્યૂ ઈન્ટેલિજન્સના અધિકારીઓએ જણાવ્યું કે કોકેઈનને ઈરાનના રસ્તાથી ગુજરાતના મુંદ્રા પોર્ટ પર મોકલવામાં આવ્યું હતું. આ ઑપરેશનને અંજામ આપનાર અધિકારીઓ છેલ્લા થોડા સમયથી ખૂબ સતર્ક હતા. આ દરમિયાન માલુમ પડ્યું હતુ કે, મુંદ્રા પોર્ટ પર આશરે ૨૫ મેટ્રિક ટન વાળી મીઠાની ખેપ પહોંચી છે. આ ખેપમાં નશાનો સામાન હતો. આ દરમિયાન મીઠાની બોરીઓની તપાસ કરતા તેમાંથી ૧૦૦૦ બેગમાં નશાનો સમાન હતો.

# વલસાડમાં વરસાદી માહોલ જોવા મળ્યો

### હળવા વરસાદની શરૂઆત થઈ

વલસાડ, તા.૨૮

હવામાન વિભાગની આગાહી મુજબ રાજયના ઘણા વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. બીજી તરફ આજે પણ વલસાડમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં હળવા વરસાદની શરૂઆત થઈ છે. વલસાડ શહેરના તિથલ રોડ, હાલર રોડ, એમ જી રોડ પર વરસાદી છાંટા જોવા મળ્યા હતા.

આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લામાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે અને સવારથી જ કાળા વાદળ જોવા મળી રહ્યા છે. જો પાલનપુર, વડગામ, અમીરગઢ અને દાંતા સહિતના વિસ્તારોમાં વરસાદ પડે તો બાજરી,મકાઈ અને ઘાસ ચારાને નુકસાન થશે તેવી ખેડૂતોને ભીતિ છે. નોંધનિય છે કે, જિલ્લામાં સતત ૫ દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દિવસભર ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓ પરેશાન છે. જો કે વાદળછાયું વાતાવરણ રહેતા અસહ્ય ગરમીથી થોડી રાહત જરૂર મળી છે. આ ઉપરાંત તાપમાનમાં પણ ૩ થી ૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ મહિસાગર જિલ્લામાં પણ આજે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. ઠંડા પવનના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આકાશમાં કાળા વાદળો ઘેરાયા છે. જિલ્લામાં પ્રિ મોન્સુન એક્ટિવિટીનો વેગ વધ્યો છે. સમગ્ર જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ જોવા મળતા ગરમીથી લોકોને રાહત મળી છે.

# ગુજરાતના યુવકનું કેદારનાથની ઊંડી ખીણમાં પડતા મોત નિપજ્યું

### ભક્તો સાથે ચારધામ યાત્રાએ ગયો હતો : વલસાડના પારડીનો યુવક કેદારનાથ જતા માર્ગે ખીણમાં ગરકાવ થયો હતો : ત્યાં જ તેની અંતિમક્રિયા કરવી પડી

વલસાડ, તા.૨૮

ચારધામ યાત્રાએ ગયેલા ગુજરાતી યુવકનું કેદારનાથની ઊંડી ખીણમાં પડવાથી મોત નિપજ્યુ છે. વલસાડના પારડી તાલુકાનો યુવક કેદારનાથ જતા માર્ગે ઊંડી ખીણમાં ગરકાવ થયો હતો. યુવક ભક્તોના ગ્રૂપ સાથે ચારધામ યાત્રાએ ગયો હતો. ત્યાં જ તેની અંતિમક્રિયા કરવાની ફરજ પડી હતી. પારડીના કલસર ગામના ૪૦ ભક્તોનું ગ્રૂપ થોડા દિવસ પહેલા ચારધામની યાત્રાએ ગયુ હતુ. જેમાં કલસર ગામના સડક ફળિયામાં રહેતા ધનિશ ભીકુભાઈ પટેલ (ઉંમર ૩૨ વર્ષ) પણ આ ગ્રૂપ સાથે ચારધામ જાત્રાએ ગયો હતો. સૌપ્રથમ તેઓ હરિદ્વાર પહોંચ્યા હતા. જ્યાં ધનિશ પટેલ પડ્યો હતો, અને તેના માથામાં ઈજા પહોંચી હતી. જોકે, ઈજા સામાન્ય હોવાથી તે ગ્રૂપ સાથે પ્રવાસમાં આગળ વધ્યો હતો. તેના બાદ તેઓ કેદારનાથ પહોંચ્યા હતા. જ્યાં રામપુર ખાતેની એક હોટલમાં રોકાણ કર્યુ હતું. રામપુરમાં વહેલી સવારે ધનિશ કામથી હોટલ બહાર નીકળ્યો હતો, જ્યાં તે નજીકની એક ખીણમાં પડી ગયો હતો. સ્થાનિક લોકોએ આ બાબતની જાણ તેના ગ્રૂપ અને પોલીસને કરી હતી. જેથી તાત્કાલિક ધનિશને શોધવા રેસક્યૂ ઓપરેશન ચલાવાયુ હતુ. જેના બાદ ધનિશનો મૃતદેહ પહાડીમાઁથી મળી આવ્યો હતો.

ભક્તોના ગ્રૂપ દ્વારા આ વિશે કલસરમાં રહેતા તેના પરિવારજનો જાણ કરવામાં આવી હતી. આ જાણીને તેના પરિવારમાં શોકનો માહોલ ફેરવાઈ ગયો છે. સાથે જ ભક્તોના ગ્રૂપમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી. જોકે, મૃતક ધનિશની કેદારનાથમાં જ અંતિમ ક્રિયા કરવામાં આવી હતી.

ચારધામ યાત્રામાં આ વર્ષે અત્યાર સુધી ૪૪ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જેમાં સૌથી વધુ કેદારનાથ ધામમાં થયા છે. કારણ કે, ચાર ધામમાં સૌથી કઠિન યાત્રા કેદારનાથની છે, અહી પહોંચવા માટે ગૌરીકુંડથી ૧૮ કિમીનુ ચઢાણ કરીને પહોંચવુ પડે છે. શ્રદ્ધાને કારણે મોટાભાગના શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રા કરવાનુ પસંદ કરે છે.

# થરાદમાં ખીલની સારવાર બાદ યુવતીનું મોત નિપજ્યું

પાલનપુર, તા.૨૮

થરાદમાં ખીલની સારવાર બાદ કિશોરીનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. મૃતક કિશોરીના પરિવારે જે જે હોસ્પિટલના તબીબે સારવારમાં બેદરકારી દાખવ્યાની ફરિયાદ નોંધાવતા થરાદ પોલીસે કલમ ૩૦૪ હેઠળ ડોક્ટર જે જે પટેલ સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ સુઈગામ તાલુકાના નેસડાગોલપ ગામના મેઠાભાઈ રાઠોડની નાની પુત્રી ભુમીબેન (૧૨)ને કાનની નીચેના ભાગમાં ખીલ થતાં ૨૧ મેના રોજ થરાદની જે જે પટેલ હોસ્પિટલમાં સારવાર અર્થે લવાઈ હતી. જ્યાં ડોક્ટરે સાંજના ૪ વાગ્યે ચેકો મારી રસી કાઢતાં ૨૩મીએ બપોરના બાર વાગ્યે ડોક્ટર પાસેથી રજા લઈને ઘરે ગયા બાદ ડૉક્ટરના કહ્યા મુજબ બીજા દિવસે ડ્રેસિંગ કરાવવા માટે આવ્યા હતા. ભુમીને તાવ આવતો હોવાથી તબીબને તેની દવા કરવાનું કહેતા ડોક્ટરે સારવાર કરવાની જગ્યાએ દાદાગીરી અને અપશબ્દો બોલીને સારવાર કરવાની ના પાડી હતી.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનો એક દિવસીય પ્રવાસ પૂર્ણ કરી નવી દિલ્હી જવા પરત ફરતા તેમને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ વિમાની મથકેથી ભાવ સભર વિદાય આપવામાં આવી હતી. આ અવસરે નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી.આર પાટિલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાશનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, અમદાવાદના કલેકટર શ્રી સંદિપ સાગલે, ડી.જી.પી. આશિષ ભાટિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## યોગ્ય કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગટરના પાણીને શુધ્ધ કરીને બગીચાઓને પાણી પહોંચતુ કરવા માટે પણ લાઇનમાં થયેલુ ભંગાણ અવરોધરૂપ બન્યુ છે. નવો શુધ્ધિકરણ પ્લાન્ટ પણ તૈયાર કરવામાં આવનાર છે. જો કે આ સઘળી કાર્યયોજના પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. જયારે શહેરમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે હાલની પાઈપલાઇનુ નેટવર્ક યોગ્ય કરવા માટે પણ રૂ ૧ કરોડના ખર્ચે કામ હાથ ધરાશે જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી રહી છે. જો કે આ કામગીરીને અનુલક્ષી કોન્ટ્રાકટરો પણ રસ દાખવતા નથી જેના લીધે હાલની લાઇનને યોગ્ય કરવાનુ કામ ક્યારે શરૂ થશે તે કહેવુ પણ મુશ્કેલ છે.

## અછતની શક્યતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટાભાગના રાજ્યોને કોલસાની આયાત કરવા માટેનો કોન્ટ્રાક્ટ હજુ નથી આપ્યો. વીજ મંત્રાલયના પ્રેઝન્ટેશન પ્રમાણે એપ્રિલના અંત સુધી માત્ર એક રાજ્યએ જ કોલસાની આયાત માટે ટેન્ડર આપ્યા છે.

મંત્રાલયના બે વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે શુક્રવારે વર્ચ્યુઅલ મીટિંગમાં આ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રીય કોલસા અને વીજ મંત્રી હાજર રહ્યા હકતા.

તેમના સિવાય કેન્દ્ર અને કેન્દ્ર અન રાજ્યોના ઉચ્ચ ઉર્જા અધિકારીઓ પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આશકામંડલના ઓજસથી વંચિત છે...નગારાનો નાદ હવે નભને નવાજતો નથી..નજર સામે જ ગામને ગ્લોબલ થતું જોવાનો વસવસો વિતેલી જિંદગીની વિરાસતને યાદ કરાવે છે..! એ વેદના પણ જેવીતેવી નથી...આવો અવસાદ એ પણ ઝાકળનો એક આગવો ભાવ છે..ઝાકળની સાથે જ આપણે કેટલું બધું ગુમાવતા રહીએ છીએ ?

પ્રભાતિયાં હવે આઉટડેટેડ છે..ટેબલેટ કે મોબાઈલની રેડીમેઇડ વિડીયો કલીપમાં કેવળ એકવિધતા છે... 'ભોળી રે ભરવાડણ હરિ ને વેચવાને ચાલી રે..' એવા સુમધુર ભાવોને સમજવા ગૂગલ સર્ચ કરવું પડે એવો માહોલ છે...આ બધાની વચ્ચે વહેલી સવારે શાવરિંગ કરતું ઝાકળ કે ઓસ આજે પણ ઈશ્વરની અનુભૂતિના સોલિડ પુરાવા સમાન છે.. કેટકેટલાં અચરજો થી છલકાય છે..એનાં બુંદ..!


ઝાકળને જોઈ શબ્દ ના સ્ફૂરે તો જ નવાઈ ! એની અકળ સવારી ઉપર આવી છે શબ્દની સવારી..ઝાકળના સ્પર્શથી સ્ફુરેલા મારા આ શબ્દો કુદરતના આ વિસ્મયને સમજવાની જાણે મથામણ છે...લેખક પાસે કે કવિ પાસે શું હોય છે ? સંવેદનાની એક પોતીકી બખોલ..જયાં એ શોધે છે હૂંફ..સંવેદનાનો સંસ્પર્શ..! ઝાકળ એ અટકળ નથી પણ એક અનોખી ઝળહળ છે..! એ નાનકડા કોઈ કાવ્યનું લાઘવ હોઈ શકે..ગઝલનો રમણીય રદીફ પણ બની શકે..કોઈ ગીતનો અંતરો બની અંતર ઝળહળાવી જાય તો કોઈ ખંડકાવ્યનો અખંડ હિસ્સો પણ બની શકે..ઝાકળ સરકી જાય છે પણ એનો સળવળાટ હંમેશાં આપણી અંદર અવનવાં સ્પંદનો ભરતો રહે છે..

# વિશ્વનો સૌથી મોટો ૨૭.૨૭ કેરેટનો લેબગ્રોન ડાયમંડ બનાવી સર્જ્યો વિક્રમ

### સુરતના હીરા ઉત્પાદકે ચીનને આપી પછડાટ : સૌરઊર્જા દ્વારા પ્રયોગશાળામાં વીજળી પૂરી પાડવામાં આવતી હોવાથી કંપનીએ ગ્રીન ડાયમંડ હોવાનો દાવો કર્યો છે

સુરત,તા.૨૮

ડાયમંડ સિટી સુરતના હીરાની ચમક વિશ્વભરમાં ફેલાઈ છે. શહેરના હીરા ઉત્પાદકે દુનિયાનો સૌથી મોટો લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ બનાવ્યો છે. ૨૭.૨૭ કેરેટના સૌથી મોટા માર્ક્વિઝ સ્ટેપ કટ હીરાનું નામ ઓમ છે. ગ્લોબલ ડાયમંડ સર્ટિફિકેશન ઓર્ગેનાઈઝેશન ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા ઓમને પ્રમાણિત કરવામાં આવ્યો છે.




સુરતના ગ્રીનલેબ ડાયમંડ્સના ભાગીદાર સ્મિત પટેલે કહ્યું, અમે દુનિયાનો સૌથી મોટો લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ તૈયાર કર્યો છે. અગાઉ ચીને ૧૬ કેરેટનો હીરો ઉત્પાદિત કર્યો હતો અને અમે તેમનો રેકોર્ડ તોડ્યો છે. ગ્રીનલેબ ડાયમંડ્સના ૨૭.૨૭ કેરેટના હીરા ઉપરાંત ૨૦.૨૪ કેરેટ અને ૧૫.૧૬ કેરેટના અન્ય બે હીરાને પણ ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા છે. નમઃ નામનો હીરો પિઅર રોઝ કટ છે જ્યારે શિવાય નામનો હીરો એમરલ્ડ કટ છે. આ ત્રણ લેબગ્રોન ડાયમંડ તૈયાર કરીને ગ્રીનલેબ ડાયમંડ્સે ચીનને પાછળ છોડીને વિશ્વમાં ભારતનો ડંકો વગાડ્યો છે.

# ગુજરાત વિધાનસભા ખાતે ક્રાંતિવીર સ્વ. વિનાયક સાવરકરની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રીમ હરોળના લડવૈયા અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરની ૧૩૯મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના દંડક શ્રી રમેશભાઈ કટારા અને ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે વિધાનસભાના દંડક શ્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકરે પૂનાની ફર્ગ્યુસન કોલેજમાં ઊચ્ચ અભ્યાસ કર્યા બાદ કાયદાના અભ્યાસાર્થે ઈંગ્લેન્ડ ગયા હતા. ત્યાં ફ્રી ઈન્ડિયા સોસાયટી નામની સંસ્થા સ્થાપી દેશની આઝાદી માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. બ્રિટીશ સરકારે સરકાર વિરુદ્ધ કાવતરાના કેસમાં તેમની ધરપકડ કરીને ૫૦ વર્ષની કેદની સજા કરી હતી. શ્રી વીર સાવરકરે ભારત દેશને અખંડિત રાખવા અને આઝાદી અપાવવા અથાક પ્રયત્નો કર્યા હતા, જેને દેશ ક્યારેય ભૂલશે નહીં.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ.પટેલ સહિતના અધિકારી-કર્મચારીઓએ પણ સ્વ.શ્રી સાવરકરના તૈલચિત્રને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.